# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં મેઘમહેરથી ખુશી

**રાજકોટ, જામનગર, અમરેલી, સુરત, અંબાજી, ખેડબ્રહ્મા સહિતના શ્રેણીબદ્ધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ : અતિભારે વરસાદની જારી કરાયેલી ચેતવણી : કચ્છ અને રાજકોટ નજીક વિજળી પડતા બેના મોત**

ગાંધીનગર, તા. ૨૧

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર યથાવતરીતે જારી રહી છે. કેટલાક ભાગોમાં ત્રણ ઈંચ સુધીનો વરસાદ થયો છે. કચ્છના અબડાસા નજીક વિજળી પડતા એકનું મોત થયું છે. વરસાદી માહોલ અકબંધ રહેતા ખેડૂત સમુદાયમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ અતિભારે વરાસદની ચેતવણી જારી કરવામાં આવી છે. આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મેઘમહેર યથાવત રહી હતી. સૌરાષ્ટ્રના જે ભાગોમાં આજે ભારે વરસાદ થયો હતો તેમાં અમરેલી, રાજકોટ, જૂનાગઢ, જામનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ ઉપરાંત સુરત, વડોદરામાં પણ ભારે વરસાદ થયો છે. બનાસકાંઠા અને સાબરકાંઠાના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદ પડ્યો છે. વરસાદના કારણે જનજીવન ઉપર પણ અસર થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ બગસરામાં અઢી ઈંચ જેટલો વરસાદ થયો છે જ્યારે લાઠીમાં ત્રણ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. લિલિયામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો છે. સાવરકુંડલામાં બે ઈંચ જેટલો વરસાદ થયો છે. લાઠીમાં ગાગડિયા નદીમાં લપસી જવાથી એકનું મોત થયું છે. અંબાજી, ડિસા, અમીરગઢમાં પણ વરસાદી માહોલ રહ્યો છે. ટૂંકા વિરામ બાદ વરસાદના કારણે ખુશીનું મોજુ ફરી વળ્યું છે. હવામાન વિભાગ તરફથી જાણવા મળ્યું છે કે, હજુ વરસાદી માહોલ અકબંધ રહેશે. આજે દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ઉલ્લેખનીય વરસાદ થયો હતો.

સૌરાષ્ટ્ર કચ્છમાં પણ ઘણી જગ્યાઓ વરસાદ થયો છે. મોર્નિંગ સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ ઉત્તર મધ્ય મહારાષ્ટ્ર ઉપર પ્રવર્તી રહી છે અને આ સ્થિતિ આગળ વધતાં વરસાદની સંભાવના દેખાઈ રહી છે. મધ્યમથી હળવા વરસાદી ઝાપટા સાબરકાંઠા અને બનાસકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ અને પંચમહાલ પણ જારી રહી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છના દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, કચ્છમાં પણ વરસાદી ઝાપટાની સંભાવના દર્શાવવામાં આવી છે. આજે સૌથી વધારે વરસાદ લિલિયા અને લાઠીમાં થયો હતો. બંને જગ્યાઓએ બે ઈંચથી વધુ વરસાદ થયો છે. લિલિયામાં ત્રણ ઈંચ સુધીનો વરસાદ પડી ગયો છે. વરસાદી માહોલ અકબંધ રહેવાની સંભાવના તંત્ર તરફથી દર્શાવવામાં આવ્યા બાદ તંત્ર સાવચેત છે. ધાર્મિક વિસ્તાર ગણાતા શામળાજી, ખેડબ્રહ્મા અને અંબાજીમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ તમામ જગ્યાઓએ દર્શન કરવા માટે દરરોજ પહોંચે છે. રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. રાજકોટમાં વિજળી પડતાં એકનું મોત થયું હોવાના અહેવાલ મળ્યા છે. વરસાદના લીધે ચેકડેમમાં નવી આવક થઈ છે. જામનગરના કાલાવાડમાં પણ ધોધમાર વરસાદ થયો છે. રાજકોટમાં ભારે વરસાદના કારણે કેટલાક વાહનો તણાઈ ગયા હતા.

## આજે કોલેજના વિદ્યાર્થીઓ જળસંચય અંગે શપથ લેશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ જળશક્તિ અભિયાન અંતર્ગત જિલ્લાની ૩૦ વધુ કોલેજોના વિદ્યાર્થીઓ જળસંચય અંગે શપથ લેશે.

અભિયાનમાં સોમવારને કોલેજ કેમ્પસ કે ઉજવવાના ભાગરૂપે આ વિદ્યાર્થીઓ જળસંચય અંગે પ્રતિજ્ઞા લેશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧લી જુલાઈથી જિલ્લામાં લોક જાગૃતિ અભિયાનના જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર વરસાદની અનિયમિતતા અને પાણીના નીચા જતા જળસ્તરને ઉંચા લાવવા આ જળ બચાવો યજ્ઞને લોક આંદોલન બનાવીને તમામ લોકોને આ કાર્યમાં જોડવાનો પ્રયાસ કરવામાં આવનાર છે. આ કાર્યયોજનાના ભાગરૂપે પ્રથમ કોલેજ સંકુલો અને ત્યારબાદ શાળાકક્ષાએ પણ બાળકો પાસે જળસંચયના શપથના કાર્યક્રમો યોજવામાં આવશે.

## ધનસુરાના શીકા ખાતે બેંક ઓફ બરોડાના સ્થાપના દિનની ઉજવણી



ધનસુરા, તા. ૨૧

તારીખ ૨૦-૭-૧૯ને શનિવારના રોજ ધનસુરા તાલુકાના શીકાગામ ખાતે બેંક ઓફ બરોડાના ૧૧૨મા ફાઉન્ડેશન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ શ્રી શીકા આદર્શ પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને સ્ટેશનરી કીટસ તથા નોટબુકની ભેટ અપાઇ હતી. આ સાથે મેનેજર બી.ઓ.બી. શીકા દ્વારા સુકન્યા સમૃદ્ધિ યોજનાની માહિતી પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉજવણી થઈ હતી. આ કાર્યક્રમમાં બી.ઓ.બી.ના મેનેજર અંશુલભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને દેવાંગભાઈ પટેલ અને શીકા આદર્શ પ્રાથમિક શાળાના સૌ શિક્ષકો અને બી.ઓ.બી.ના સ્ટાફે મળી સફળ બનાવ્યો હતો.

## મોડાસાના વાંટડા ખાતે ગુલમહોર હિલ્સમાં મહાકાલ સેના બેઠક મળી



મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લા મહાકાલ સેના દ્વારા જીલ્લા કક્ષાની બેઠક મોડાસા તાલુકાના વાંટડા ખાતે આવેલ ગુલમહોર હિલ્સ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં જીલ્લામાંથી મોટી સંખ્યામાં રાજપૂત સમાજના યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આગામી સમયમાં રાજપુત સમાજની એકતા, યુવા જાગૃતતા માટે યોજાનારા કાર્યકમો અંગેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આ બેઠકમાં મહાકાલ સેના અરવલ્લીના પદાધિકારીઓ અને કાર્યકરોનું ગુલમ્હોર હિલ્સ ઉપર ઉષ્માભેર સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## પાલનપુરની લડબી નદીમાં શંકુ ટિપ્પણી મુજબ માપણી કરાશે

**લવડીનો મુદ્દો વિધાનસભામાં ઉછળતા સેટલમેન્ટ કમિશનરે માપણીનો આદેશ કર્યો**

પાલનપુર

પાલનપુર શહેર ના મધ્યમાં માપણી ની તજવીજ હાથ ધરવામાં દ્વારા સેટલમેન્ટ કમિશનર થી પસાર થતી લોકમાતા લડબી આવી છે પાલનપુર માં પસાર થતી ગાંધીનગરને લેટર લખીને રજૂઆત નદીના પટમાં આડેધડ દબાણો અને લડબી નદીના પટ બિલ્ડરો દ્વારા કરાઈ હતી તેમજ લડબી માપણીમાં બાંધકામ કરવામાં આવતા નદી આડેધડ પાકા બાંધકામ અને વિસંગતતા અંગે પાલનપુરના જાગૃત નુંકુદરતી વહેણ અવરોધાયુ છે જેને દબાણો કરવામાં આવતા લડબીનો નાગરિક દ્વારા પણ નામદાર લઈ દર ચોમાસામાં શહેર ના અનેક પટ સાંકડો થઈ ગયો છે અને કુદરતી હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ વિસ્તારોમાં પાણીના ભરાવાની વહેણ અવરોધાયું છે જેને લઇ કરવામાં આવતા ઉહાપોહ સર્જાયો સમસ્યા સર્જાય છે જેને લઈ લોકોને ચોમાસામાં વરસાદી પાણી હતો જોકે લડબી ના દબાણો જાનમાલનું નુકશાન ભોગવવું પડે છે નદીકાંઠાની સોસાયટીમાં ફરી વળતા શહેરીજનો માટે પાયાની સમસ્યા હોઈ ત્યારે લોકમાતા લડબીના પટને લોકોને પાણીના ભરાવાની સમસ્યા લડબીનો મુદ્દો ગુજરાત ખુલ્લો કરવા માટે લોકો દ્વારા ઉગ્ર ભોગવવી પડતી હોઈ લડબી નદીના વિધાનસભામાં પણ ઉછળ્યો હતો.

જેને રજૂઆતો કરવામાં આવતા અને કોર્ટ પટને ખુલ્લો કરવા અને લડબીના લઈ સરકાર દ્વારા લડબી નદીમાં આઈ. પી. એલ. દાખલ કરવામાં જુના વહેણ મુજબ માપણી કરવા પટને ખુલ્લો કરવા માટે શંકુ ટિપ્પણી આવતા લડબીની માપણી નો મુદ્દો માટે લોકો દ્વારા ઉચ્ચ કક્ષાએ મુજબ માપણી કરવાનો આદેશ ગુજરાત વિધાનસભામાં ઉછળ્યો હતો રજૂઆતો અને આવેદનપત્રો કરવામા આવ્યો હતો જેને લઈ જેને લઈ સરકાર દ્વારા લડબીની પાઠવવામાં આવ્યા હતા.

જેને લઈ સેટલમેન્ટ કમિશનર કચેરી શંકુ ટિપ્પણી મુજબ માપણી કરવાનો પાલનપુર જમીન દફતર કચેરી દ્વારા ગાંધીનગરની ટીમો દ્વારા પાલનપુરમાં આદેશ કરવામાં આવ્યો હતો જેના ૨૦૧૫થી ૨૦૧૮ દરમિયાનની માપણી લડબીની માપણી હાથ ધરવામાં આવી પગલે સેટલમેન્ટ કમિશનર કચેરીની કરવા માં આવી હતી જેમાં વિસંગતતા છે અને માપણી બાદ સરકાર માં ટીમો દ્વારા પાલનપુરમાં લડબીની સામે આવતા લડબી મામલે કલેકટર અહેવાલ રજૂ કરવામાં આવશે

## સમસ્ત પાટીદાર સમાજના સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



ભિલોડા, તા. ૨૧

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા એવમ્ સરદારધામ-અમદાવાદ દ્વારા સંચાલિત ઉમિયા કેરિયર ડેવલોપમેન્ટ કાઉન્સિલ-(યુસીડીસી) સોલાના વડપણ હેઠળ તારીખ ૨૧-૭-૨૦૧૯ને રવિવારના રોજ ઉમિયા હોલ, ઉમિયા કેમ્પસ-સોલા ખાતે સમસ્ત પાટીદાર સમાજના દીકરા અને દીકરીઓ જીપીએસસી અને યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરી રહ્યા છે.

વર્ષ ૨૦૦૦થી સમસ્ત પાટીદાર સમાજના દીકરા-દીકરીઓને સ્પર્ધાત્મક પરીક્ષાના બધા સોપાનો પાસ કરાવવા માટેના માર્ગદર્શક વર્ગો તેમજ ભવિષ્ય ઘડતર માટેના કેરિયર કાઉન્સેલીંગના વર્ગો અહિં ચાલે છે. સમસ્ત પાટીદાર સમાજની આ સંસ્થા તેમજ તેમના પેટા કેન્દ્રો હિંમતનગર, વિજાપુર, પાલનપુર, વિસનગર, સુરેન્દ્રનગર તથા સુરત દ્વારા યુપીએસસીમાં પાંચથી વધુ વિદ્યાર્થીઓ, જીપીએસસી ક્લાસ-૧-૨માં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ વર્ગ-૩માં ત્રણ હજારથી વધુ દિકરા-દિકરીઓ આ સંસ્થાએ રાષ્ટ્રને વિવિધ સરકારી વિભાગ માટે સમર્પિત કર્યા છે. આ ઉતીર્ણ અધિકારીઓને સન્માનિત કરવા અને આવનાર નવી બેચના શુભારંભનો ઉમિયા કેમ્પસ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના ચેરમેન મણિભાઈ પટેલ (મમ્મી), સરદારધામ-અમદાવાદના ચેરમેન ગગજી સુતરિયા, અમદાવાદ જિલ્લા કલેક્ટર વિક્રાંત પાંડે, ગાંધીનગર જિલ્લા કલેક્ટર એસ.કે. લાંઘા, એમ.એસ. પટેલ કમિશનર મ્યુનિસિપાલિટી ગુજરાત, લેબર કમિશનર સી.જે. પટેલ સહિત ૫૦૦થી વધુ લોકો હાજર રહ્યા હતા.

યુસીડીસી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ તેમજ ૨૦૧૮-૧૯ યુપીએસસી, જીપીએસસી ક્લાસ-૧-૨, પીઆઈ, સીટીઓ, એઓમાં ૧૦૫થી વધુ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે તથા પાટીદાર સમાજને ગૌરવ પ્રદાન કર્યું છે. ત્યારે તેમની સિદ્ધિઓને બિરદાવવા તેમજ તેમની આ સફળતામાં મદદરૂપ યોગદાન આપનાર અધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, ફેકલ્ટી સર્વેનું અભિવાદન કરાયું તથા યુપીએસસી ડેલી બેચ જીપીએસસી બેચ શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો.

## અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર આવતા ગામો માટે અલાયદો સ્વચ્છતા એક્શન પ્લાન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ ગ્રામ્ય વિસ્તારો માટે અલાયદો સ્વચ્છતા પ્લાન બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયત, વન વિભાગ, ગુડા સહિતના સત્તામંડળો દ્વારા સંકલિત રહી આ સ્વચ્છતા પ્લાન તૈયાર કરવામાં આવનાર છે. આ માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલને નોડલ ઓફિસર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ ગાંધીનગર માર્ગ પર વી.વી.આઈ.પી.ઓની સતત અવર-જવર રહેતી હોવાથી આ માર્ગો પર સ્વચ્છતા જળવાઈ રહે તે અત્યંત જરૂરી બની હોવાથી સંકલિત સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવશે.

વન વિભાગ, ગુડા અને પંચાયત વિભાગ વચ્ચે ક્યારેક ક્યારેક હદના વિવાદોમાં સ્વચ્છતા અટવાઈ છે અને ગાંધીજીની ૧૫૦મ જન્મ જયંતિની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આ વિવાદ નહિ પણ સુઆયોજિત સંકલનમાં રહી સ્વચ્છતા માટેનો આખો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે આગામી સપ્તાહના અંતમાં આ સ્વચ્છતા એક્શન પ્લાન માટે સંબંધિત વિભાગોની બેઠક યોજાશે અને તેમાં ચર્ચા વિચારણા કરી ૮મી ઓગષ્ટથી તે અમલમાં આવે તે રીતે તેની તૈયારીઓ આરંભાઈ છે.

## અલુવા વિસ્તારમાંથી દિપડાને કેદ કરવા બનાસકાંઠાથી એકસપર્ટ ટીમ આવી

**છેલ્લા આઠ મહીનાથી દિપડો વારંવાર દેખાય છે પરંતુ વનતંત્રના હાથમાં લાગતો નથી. દિપડાને આ વિસ્તારનુ વાતાવરણ અનુકુળ આવી ગયુ છે : આખરે વનતાંત્રએ દિપડા નિષણાંત ટીમની મદદ લીધી**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લાના પીપળજ અલુવા પાસેના નદી તટ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી આંટાફેરા મારતા દિપડાને કેદ કરવા વનતંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ હજુ સુધી દિપડો વનતંત્રના હાથમાં લાગ્યો નથી. આવા સંજોગોમાં હવે દિપડાને કેદ કરવા માટે બનાસકાંઠાથી એકસપર્ટની ટીમ બોલાવી દિપડાને કેદ કરવા માટે પ્રયાસો શરૂ કરી દેવાયા છે.

ગાંધીનગર જિલ્લાના પીપળજ -અલુવા પાસે સાબરમત્તી નદીના તટ વિસ્તારમાં આંટાફેરા મારતા દિપડાને કેદ કરવાનુ કામ વનતંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં દિપડો ફરતો હોવાના લીધે સ્થાનિક ગ્રામજનોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. જયારે વનતંત્ર દ્વારા પણ આ દિપડાને કેદ કરવા માટે પાંજરા અને મારણ મુકી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમછતા આ દિપડો હજુ સુધી પાંજરામાં કેદ કરી શકાયો નથી. દિપડા માટે આ વિસ્તારમાં સાનુકુળ વાતાવરણ મળી રહેવાની સાથે શિકાર પણ મળતા દિપડો આ વિસ્તારમાં અડ્ડીંગો જમાવી બેઠો છે. જયારે એક ઠેકાણેથી બીજા ઠેકાણે ફરતા રહેતા આ દિપડાને કેદ કરવા વનતંત્રએ પણ અત્યાર સુધી નવી પધ્ધતિ મુજબ દિપડાને પકડવા માટે પ્રયાસો કર્યા છે. અગાઉ ગત દિવાળીના દિવસોમાં ધનતેરસના રોજ સચિવાલયમાં ઘુસી ગયેલા દિપડાને પણ વનતંત્રએ મહામહેનતે કેદ કર્યો હતો. જયારે છેલ્લા આઠ મહીનાથી ગાંધીનગર જિલ્લાના આસપાસના વિસ્તારમાં દિપડો ફરતો હોવાની વાત અવારનવાર પ્રકાશમાં આવી રહી છે. આવા સંજોગોમાં દિપડાને પકડવા માટે વનતંત્ર પણ સતત પ્રયત્નશીલ છે. ચાલાક દિપડાને કેદ કરવા માટે આખરે વનતંત્રએ હવે બનાસકાંઠાથી એકસપર્ટની ટીમ બોલાવી છે. આ ટીમ દિપડાને કેદ કરવામાં માહીર હોવાથી હવે જલદીથી દિપડો વનતંત્રના સકંજામાં આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.



**અંબાજીમા મેઘરાજાનું આગમન : ગરમીથી રાહત અનુભવતા અંબાજી વાસીઓ**

શક્તિ ,ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર ઉપર અરાવલી ની પહાડો મા આવેલું છે આ ધામ મા પાછલા ઘણા દિવસો થી વરસાદ ન આવતા લોકો ને ભારે ગરમી થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા ત્યારે આજે મેઘરાજા એ બપોરે વરસાદ કરતા લોકો ને આંશિક ઠંડક મળી હતી ત્યારબાદ સાંજે ફરીથી ભારે વરસાદ આવતા લોકો એ ગરમી થી રાહત અનુભવી હતી ,અંબાજી મા ઉજવણી કર્યા બાદ પણ વરસાદ આવ્યો ન હતો ત્યારબાદ પર્જન્ય યજ્ઞ કર્યા બાદ પણ વરસાદ ન આવ્યો હતો ત્યારે રવિવારે મેઘરાજા એ મન મૂકીને વરસતા અંબાજી ના લોકો ને ઠંડક મળી હતી.

### રીઝવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીથી ત્રાહીમાંમ છે. હરિયાળા નગરમાં પ્રકૃતિ પણ વરસાદમાં ભીંજાય તાજગી અનુભવવા માટે આતુર છે. જયારે નવા રોપાઓની વાવણી સાથે વાવેતરને નવજીવન આપવા માટે પણ વરસાદ અનિવાર્ય છે. ગરમીથી ત્રસ્ત નગરજનોને હવે વરસાદ સિવાય બીજુ કાંઈ ખપતુ નથી. આજે સમગ્ર રાજયમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસતા હળવી ઠંડક પ્રસરી છે. સૌરાષ્ટ્ર, પાટણ અને દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. કેટલાક ઠેકાણે ધોધમાર વરસાદના લીધે જળબંબાકારની સ્થિતિ જોવા મળી છે. પરંતુ ગાંધીનગર આ વખતે પણ વરસાદ વગર કોરુ ધાકોર રહ્યુ છે. મેઘરાજા ગાંધીનગરને બાયપાસ કરી દે છે. વરસાદ તરફ સૌ કોઈની મીટ મંડરાઈ છે. મેઘરાજા રીસાયેલા રહેતા શહેરીજનો ચિંતિત છે. મેઘરાજાને મનાવવા માટે સેકટરોમાં નાગરિકો દ્વારા ઠેર ઠેર પુજા અર્ચના તેમજ પર્જન્ય યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૧ માં પણ સ્થાનિક જાગૃત નાગરિકો તેમજ વેસ્ટર્ન એગ્રી સીડસના એન પી પટેલ દ્વારા પર્જન્ય યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. રીસાયેલા મેઘરાજને મનાવવા માટે ઠેર ઠેર પ્રાર્થના , ધુન અને ભજન સહીતના કાર્યક્રમોનુ આયોજન કરવા માટે પણ નગરજનો સજ્જ બન્યા છે. વરુણદેવને રીઝવવવાના પ્રયાસ કરાશે. વરસાદની ગેરહાજરી નગરજનોને ભારોભાર ખુંચી રહી છે. ત્યારે બીજીતરફ ગરમીનો પારો પણ ઉંચે ચઢતા નગરજનો માટે શિરદર્દ વધ્યો છે.

### રાજકીય પંડિતોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દવે, વિમળાબેન વેગડા, ઉર્મિલાબેન વર્મા, અશ્વિનભાઈ વ્યાસ સહિતના કાર્યકરો નજરે પડ્યા હતા.

આ જંગમાં બ્રહ્મસમાજના આગેવાનોની સક્રિયતાએ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવી છે.

આજની આ પેટા-ચૂંટણીમાં મતદારોના નિરૂત્સાહે સૌને ચોંકાવી દીધા છે. બુથ મેનેજમેન્ટ અને મતદારોને લઈ આવવામાં માહિર ગણાતા પક્ષીય આગેવાનોને જે જાકારો મળ્યો છે તે પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

### ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિતના પ્રોફેશનલ્સ અને ઔધોગિક વસાહતોના પ્રોફેશનલ્સ વર્કર્સ વગેરેને જોતા શહેરની વસ્તીમાં વધારો થતો રહેવાનો છે. વસ્તી વધે વાહનો વધે જ. વાહનો વધવાના અને ટ્રાફિકની સમસ્યા પણ વધવાની આ સંજોગોમાં ગાંધીનગર શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વધુ સઘન અને સરળ બનાવવી એ આવતીકાલની માંગ છે.

આંકડાઓને આધારે જો આપણે ટ્રાફિક અને અન્ય બાબતો ઉપર નજર કરીએ તો ગાંધીનગરમાં ટ્રાફિક એ બહુ મોટી સમસ્યા આજે બની છે અને નજીકના ભવિષ્યમાં એમાં વધારો પણ થતો જ રહેવાનો છે. પરિવાર પાસે ભૌતિક સુખ સુવિધા વધુ હોય ત્યારે એ આનંદની વાત છે પરંતુ એ સુવિધાઓને કારણે રોજીંદા સમાજજીવન ઉપર તેની અસર પડતી હોય તો એ વિશે વિચારવું એ સમાજ વિજ્ઞાનીઓ અને નગરજનોની પણ નિસ્બત છે. ગાંધીનગર શહેરના વિવિધ પ્રશ્નોને સમજવા અને નિરાકરણ લાવવા અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સંશોધન હાથ ધરવા જેવું છે. આપણે જે આંકડાઓનો આધાર લઈએ છીએ તે આંકડાઓ તો ૨૦૧૧ ના આંકડા છે. વાહન વ્યવહાર ની બાબતમાં ગાંધીનગરમાં છેલ્લા ઘણાં વખતથી રેસિડેન્શિયલ વિસ્તારો વધતાં જતા હોવાથી ટ્રાફિકનો પ્રશ્ન બહુ જ મોટો નગરનો પ્રશ્ન બની રહેશે એમ સીધું દેખાય છે. આગામી સપ્તાહે આપણે વધુ ચર્ચા કરીશું.

### ચંદ્રયાન-૨

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ ચાલી રહ્યુ હતુ. અમને ૩૫૦ બાર સુધી હિલિયમ ભરવાની જરૂર હતી. સાથે સાથે આઉટપુટને ૫૦ બાર પર સેટ કરવાની જરૂર હતી. નાના ઉપગ્રહોના લોંચ માટે ઉપયોગ કરવામાં આવતા જીએસએલવી માર્ક-૩ રોકેટને એપ્રિલ ૨૦૦૧થી લઈને હજુ સુધી ૧૩ વખત ઉપયોગ કરવામાં આવ્યો છે. આમાથી ત્રણ જીસેટ-૫પી, જીસેટ-૪, ઈનસેટ-૪સીમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે જ્યારે જીસેટ-૬એ, જીસેટ-૯માં પણ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બાહુબલી તરીકે ગણવામાં આવતા જીએસએલવી માર્ક-૩ રોકેટથી જીસેટ-૨૯ અને જીસેટ-૧૯ ઉપગ્રહોને સફળરીતે લોંચ કરવામાં આવ્યા હતા. ઈસરોના વડા શિવનના કહેવા મુજબ અંતરિક્ષ સંસ્થા ડિસેમ્બર ૨૦૨૧ સુધી નિર્ધારિત સમયમાં જ માનવ અંતરિક્ષ ઉડાણ કાર્યક્રમ ગગનયાનને સફળ બનાવશે.

### શક્તિપ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેલેટ પેપરથી કરાવવાની માંગણી પણ કરવામાં આવી રહી છે. ચૂંટણીમાં સરકારી ફંડિંગની પણ માંગ ઉઠી રહી છે. મમતાએ કહ્યું હતું કે, લોકશાહીને બચાવવા અને ચૂંટણી દરમિયાન કાળા નાણાના ઉપયોગને રોકવા દેશમાં ચૂંટણી સુધારા ખુબ જરૂરી છે. ટીએમસી વડાએ ચૂંટણીમાં સરકારી ફંડિંગની માંગ કરી હતી અને કહ્યું હતું કે, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, જર્મની અને અમેરિકામાં પણ ઈવીએમના ઉપયોગ થયા હતા પરંતુ ત્યાં હવે આનો ઉપયોગ બંધ થઈ ગયો છે. ૧૯૯૫થી તેઓ ચૂંટણી સુધારાની વાત કરતા રહ્યા છે. મમતા બેનર્જીએ ભાજપ ઉપર જુદા જુદા વિષયને લઈને પ્રહાર કર્યા હતા. ટીએમસીના લોકોએ દાવો કર્યો છે કે, આ રેલીમાં શક્તિપ્રદર્શન દરમિયાન ત્રણ લાખ લોકો એકત્રિત થયા હતા.

### ફેંસલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થગિત કરી દેવામાં આવ્યું હતું. વિશ્વાસમત માટે હવે સોમવારના દિવસે મતદાન થશે. ગુરુવારના દિવસે વિશ્વાસમત પરીક્ષણ વગર સ્પીકર રમેશકુમારે વિધાનસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. આનો વિરોધ કરીને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોએ ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરી હતી.

### ટીમ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ આરામ આપવામાં આવ્યો છે. આ બંને ખેલાડી લાંબા સમયથી સતત રમી રહ્યા હતા. ટેસ્ટ ટીમમાં શિખર ધવનનો સમાવેશ કરવામાં આવ્યો નથી પરંતુ વનડે ટીમમાં શિખર ધવનની વાપસી થઈ છે. વર્લ્ડકપ દરમિયાન શિખર ધવન ઘાયલ થયો હતો. બુમરાહને ટેસ્ટ ટીમમાં તક મળી નથી. ચેતેશ્વર પુજારા અને હનુમા વિહારીને ટેસ્ટ ટીમમાં તક આપવામાં આવી છે. ટેસ્ટ ટીમમાં રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાની વાપસી થઈ છે. ભારતીય ટીમ વેસ્ટઈન્ડિઝના પ્રવાસની શરૂઆત ત્રીજી ઓગસ્ટથી કરશે. ટીમ ઈન્ડિયા આ પ્રવાસ દરમિયાન બે ટેસ્ટ મેચ, ત્રણ વનડે મેચો અને ત્રણ ટ્વેન્ટી મેચો રમશે. પ્રથમ ટેસ્ટ મેચ ૨૨મી ઓગસ્ટથી વિવિયન રિસર્ડ્સ ગ્રાઉન્ડ ખાતે રમાશે જ્યારે બીજી ટેસ્ટ મેચ ૩૦મી ઓગસ્ટથી સબીના પાર્ક જમૈકા ખાતે રમાશે.